
ગુજરાત પ્રાંતની સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની પરિષદ.



પ્રમુખ શ્રી. દાદુભાઇ પુરુષોત્તમદાસ દેસાઇનું

ભાષણ

તા. ૧૩ મી જુલાઇ ૧૯૩૧.

અમદાવાદ.

પ્રકાશક: ગણેશ વાસુદેવ માવલંકર, અધ્યક્ષ સ્વાગત સમિતિ, ગુજરાત પ્રાન્તની સ્થાનિક સ્વરાજ સંસ્થાઓની પરિષદ, અમદાવાદ મ્યુ., અમદાવાદ.

૫૦૦

મુદ્રક: ચન્દ્રવદન બ. ઠાકોર, પ્રજાબંધુ પ્રિન્ટિંગ વર્કસ જેઠાભાઇની પોળ, ખાડિયા, અમદાવાદ.

ગુજરાત પ્રાંતની સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની પરિષદના પ્રમુખ શ્રી દાદુભાઇ પુરુષોત્તમદાસ દેસાઇનું ભાષણ.

[અમદાવાદ તા. ૧૩ મી જુલાઇ ૧૯૩૧]

શ્રીયુત ભાઇ માવલંકર અને ભાઇઓ,

આપે મને ગુજરાત પ્રાંતની બીજી સ્થાનિક સ્વરાજ્યની પરિષદના પ્રમુખપદે પસંદ કર્યો તે માટે આપનો ખરા અંતઃકરણપૂર્વક આભાર માનું છું. પ્રથમ પરિષદના પ્રમુખ તરીકે ગુજરાતના મહાન નેતા સરદારશ્રી વલ્લભભાઇની પસંદગી આપે કરી હતી અને આ બીજી પરિષદના પ્રમુખ તરીકેનું માન મારા કરતાં બીજા બાહુ લાયક ગૃહસ્થને આપ્યું હોત તો પરિષદનું કાર્ય વધારે દીપાવત, કેમકે મારામાં ઘણી ખામીઓને લઇને આવાં કાર્યને માટે લાયક ના હોઉં તે સ્વાભાવિક છે; અને આજ કારણોને લઇને આપને વિનતિ કરું છું કે મારી ખામીઓને માટે આપ ક્ષમા કરશો અને જેમતેમ કરી નિભાવી લેશો.

આપણા ઇલાકાની સ્થાનિક સંસ્થાઓની એક મોટી પરિષદ દર વર્ષે પૂનામાં ભરવામાં આવે છે, પરંતુ દરેક જિલ્લાની જરૂરિયાત ભિન્નભિન્ન હોવાથી અને ખાસ કરીને પ્રધાનો જ તેના પ્રમુખ થતા હોવાથી તેની ઉપયોગિતા માટે હરકોઇને સંશય રહે તે નિઃસંશય છે. આ કારણોથી હું પોતે તેમાં રસ લઇ શકતો ન હતો અને તેથી જ કોઇ વખત તેમાં મેં હાજરી આપી નથી, કેમકે જ્યારે સ્થાનિક સંસ્થાઓ પ્રતિ સરકારની વિમૂખતા હોય અને સહૃદયતાનો અભાવ હોય ત્યારે તો એવી પરિષદોથી વેગળા રહેવામાં જ લાભ સમાયલો છે. એ પરિષદની નિષ્ફળતા એટલેથી જ સાબીત થાય છે કે જનસમૂહને તે કેળવી શકી નથી તેમ સરકારની રૂઢી બદલી શકી નથી અને સાન ઠેકાણે આણી શકી નથી. છતાં જો પ્રાંતિક પરિષદો ભરવામાં આવે તો હું માનું છું કે સરકારને નમાવી ન શકીએ તોપણ જનસમૂહને તો કેળવી શકીએ જ અને ઘણી બાબતો ઉપર સમાજનું ધ્યાન દોરી શકીએ.

આપણા દેશની ગરીબાઇ જગજાહેર છે. તે દુર કરવાનું કાર્ય આ દેશનાં ત્રણ તંત્રો ઉપર ઓછુંવત્તું છે. હિંદુસ્તાનની સરકાર, ઇલાકાની

સરકાર અને છેવટે સ્થાનિક સંસ્થા એમ ત્રણ સંસ્થાઓના હાથમાં દેશનું કારભાર છે. ગમે તો તે મોટી કોર્પોરેશન હોય કે નાની ગ્રામ્ય પંચાયત હોય પરંતુ તેણે કબુલ કરવું પડશે કે બારીક દૃષ્ટિએ વિચારતાં સ્થાનિક સંસ્થાઓનું કાર્ય કંઇક અંશે પોતાના ક્ષેત્રમાં આર્થિક પ્રગતિમાં સીધી કે આડકતરી રીતે સહાયભૂત થવામાં સમાયલું છે. આપણે જો મનુષ્યની માનસિક અને શારીરિક શક્તિ વધારી શકીએ અને જેમ બને તેમ પોતાનો કાર્ય–વ્યવહાર ઓછી અગવડતાથી અને વધારે સગવડતાથી તે કરી શકે અને પોતાની શક્તિનો વૃથા વ્યય ન કરે એવી સ્થિતિમાં તેને મૂકીએ તો આપણે આપણી ફરજ અદા કરી કહેવાય. આ સિદ્ધાંત જો સ્વીકારાય તો તેમાંથી જન્મ પામતો બીજો સિદ્ધાંત પણ આપણે સ્વીકારવો રહ્યો, અને તે એ કે આ ત્રણે સંસ્થાઓના કર–વેરા વિગેરેની એવી રચના હોવી જોઈએ કે જેમ બને તેમ સમાજ ઉપર તેનું દબાણ ઓછું રહે, સ્હેલાઈથી અને ઓછામાં ઓછે ખર્ચે વેરા ઉઘરાવવામાં આવે અને ન્યાયદૃષ્ટિએ વહેંચણી કરવામાં આવે. યુરોપ, અમેરિકા વિગેરેનાં સ્વદેશી રાજ્યોએ આ બાબતમાં ઘણા સુધારા કર્યાં છે અને કોઇપણ દેશમાં સ્થાનિક finance આપણા જેવી કઢંગી હાલતમાં મૂક્યું નથી. ઇગ્લાંડમાં જમીનવેરો સ્થાનિક સંસ્થાઓને મળે છે અને તે ઉપરાંત રાજ્યની કુલ ઉપજમાંથી મોટી મદદ છે અને death duties નો અમુક ભા[illegible]નિક સંસ્થાઓને મળે છે. પ્રુશિયામાં પણ જમીન ઉપરનો વેરો [illegible]ાઓને મળે છે તેમજ ઇન્કમટેક્ષ લેવાની અમુક સંજોગોમાં છૂટ આપી [illegible] આપણે અહીં પરદેશી અમલ હોવાથી સ્થાનિક સંસ્થાઓની નાણાંસ્થિતિ તરફ સરકારનું દુર્લક્ષ્ય ઉઘાડું માલુમ પડે છે. ઇન્કમટેક્ષમાં તેઓ ભાગ આપતા નથી, જમીન ઉપરનો વેરો પોતાની પાસે રાખ્યો છે અને તેનો ભાગ આપવા કોઇ વખત વિચાર સરખો પણ એમના મગજમાં આવતો નથી અને ફાલતુ મદદ એવી રીતે કરે છે અને એટલી થોડી કરે છે કે સ્થાનિક સંસ્થાઓ પોતાની ફરજો અદા કરી શકતી નથી; અને જે વેરા સ્થાનિક સંસ્થાઓને આપ્યા છે તે એવી જાતના છે કે તેમાંથી કંઇ મળે નહિ અગર તો તે લોકો ઉપર અસહ્ય બોજારૂપ થાય. ગુજરાતમાં ખાસ કરીને સરકારનો પોતાનો જમીન ઉપર એટલો ભારે વેરો છે કે કોઇપણ જીલ્લા બોર્ડ પોતે તેના ઉપર વધુ બોજો નાખી શકે નહિ. આ કારણને લઇને કેળવણીનો વહીવટ ગુજરાતનાં કેટલાંક લોકલ બોર્ડોએ લીધો નથી.

ઉપર જણાવેલાં કારણોથી આપને સર્વને જણાશે કે આપણે દેશની ઉન્નતિમાં જેટલો ફાળો આપવો જોઇએ તેટલો આપી શક્યા નથી અને જયાંસુધી ઇલાકા અને હિંદી સરકાર આવી મનોદશામાં રહેશે ત્યાંસુધી આ ઈલાકાની સ્થાનિક સંસ્થાઓ સંતોષકારક કામ કરશે કે કેમ એ વિશે મને ઘણી શંકા રહે છે. સરકાર એટલી નિષ્ઠુર બની ગઇ છે કે જો કે સ્થાનિક સંસ્થાઓનો વિષય પ્રધાનના હાથમાં છે તોપણ તે સંસ્થાઓ પ્રતિ પોતાની ફરજો તદ્દન ભૂલી ગઇ છે. તેમને એટલી સમજ પણ નથી કે જે સંસ્થાઓના કૃત્યોથી પોતે પોતાની ઉપજ વધારી શકે છે તે સંસ્થાઓનો તે ઉપજોમાંથી મોટો ભાગ લેવાનો હક્ક ઉત્પન્ન થાય છે. લોકલ બોર્ડો રસ્તા, વોટરવર્કર્સ, દવાખાનાં, પાણીનાં સાધન વિગેરેથી ગ્રામ્યભાગની ખીલવણી કરે છે અને તેવાં જ કાર્યોથી શહેરોની ખીલવણી મ્યુનિસિપાલિટીઓ કરે છે અને આવી ખીલવણીના પ્રતાપે સરકાર ઇન્કમટેક્ષ જમીન મહેસુલ વિગેરે વેરા મોટા પ્રમાણમાં લે છે છતાં તેમાંથી સારી રકમ તે સંસ્થાઓને સરકાર આપતી નથી એટલું જ નહિ પરંતુ પોતે સ્થાનિક સંસ્થાઓથી ના થઇ શકે તેવાં લોકોપયોગી મોટાં કામો કરવા લક્ષ પણ આપતી નથી. દાખલા તરીકે અમદાવાદ શહેર વસતીમાં વધતું જાય છે અને અત્યારે મુંબાઇથી બીજે નંબર છે છતાં સાબરમતી નદી ઉપર ફક્ત એકજ પુલ અને તે પણ સાંકડો, ઘણા વર્ષો પૂર્વે બંધાએલો છે. આ વસ્તુસ્થિતિ કલેકટરો, કમિશનરો જોતા હશે છતાં બીજો પુલ સરકાર તરફથી બાંધવામાં આવતો ન[illegible] હમણાં લોકો તરફથી પેટ્રોલ સેસ અપાય છે અને તેમાંથી જો [illegible] ફાળો સ્થાનિક સંસ્થાઓને ન્યાયદષ્ટિએ મળતો હોત તો હું ધારતો નથી કે અમદાવાદ મ્યુનિસિપાલિટી આવું જરૂરી અને ઉપયોગી. કામ કર્યા વગર રહેત. પણ આ સેસ જે મોટે ભાગે સ્થાનિક સંસ્થાઓના પરિશ્રમથી સરકાર લેવાને શક્તિમાન થઇ છે તે સેસ નાખ્યા પછીથી થોડાજ સમયમાં સ્થાનિક સંસ્થાઓને મળતી ગ્રાન્ટ વધવાને બદલે ઘટવા માંડી છે. આનો અર્થ એટલો જ કે પેટ્રોલ સેસ સરકાર ઓહિયાં કરી ગઇ છે અને તે ઉપરાંત મોટી રકમ મૂળ ગ્રાન્ટમાંથી કમી કરી છે, આને ઉઘાડી લૂંટ કહેવાય. બીજો દાખલો લઇએ તો સરકારે પબ્લીક હેલ્થના ખાતાની ઉપજ ઘણી થોડી રકમ ઉપરથી છેલ્લાં દસ વર્ષમાં ૧૪ લાખને આશરે કરી છે અને તે ઉપજનો સારો ભાગ સ્થાનિક સંસ્થાઓ આપે છે, છતાં "જનરલ પર્પઝ" સામાન્ય ઉપયોગી ગ્રાન્ટોમાં મોટો ઘટાડો થયો છે, એટલે કે લોકોની પાસેથી અમૂક

રકમો ઉઘરાવાય છે અને તે રકમો તે બાબત ઉપર થતા ખર્ચમાં ઉમેરો કરવાને બદલે બીજે ખર્ચવામાં આવે છે. લગભગ ૧૭ લાખ "જનરલ પર્પઝ" માટે દસ વર્ષ પૂર્વે ખર્ચે પડતા તેના હમણાં હમણાં સાત લાખ પડે છે અને ઉપજ ઉપર કહ્યા પ્રમાણે જુજ રકમ ઉપરથી ૧૪ લાખ કરી છે. આનો અર્થ એટલો જ કે સરકાર ઘણી અન્યાયી રીતે ઉપજ (divert) બીજે ખાતે લઇ જાય છે. આવું diversion ભૂલેચૂકે કોઈ સ્થાનિક સંસ્થા કરે તેને માટે કાયદાનાં બીલો લાવવામાં આવે અને સંસ્થાઓને શિક્ષા કરવામાં આવે. પરંતુ આ બેવડીઆ (Dyarchy) રાજ્ય અમલમાં પ્રધાનો બીનજોખમદારીથી વર્ત્યા છે, નોકરશાહીના હુકમો નીચે એક મહેતાજીના આગળ શિષ્ય વર્તે તેવી રીતે વર્તી રહ્યા છે અને ગોડમ ઉપર ગોદમડાં ખાધાં છે. એમણે ખેડુતોના લાભનું લગભગ ત્રણ કરોડ રૂપિયાનું દુકાળફંડ અને દર વર્ષે ૬૩ા લાખની રકમ વિના તકરારે ઓળવી જવા દીધી છે, અને ગ્રામ્ય ખીલવણીનું એક મુખ્ય સાધન પીવાના પાણીની સગવડ ઉપર છીણી મૂકવામાં તેઓ સહાયભૂત થયા છે.

ગુજરાત પ્રાન્તને તો બીજા કોઇ પણ પ્રાન્ત કરતાં ઈલાકાની સરકારે વધારે અન્યાય કર્યો છે. નવાં કામો પછાડે ખર્ચ નજીવું કરે છે, કેળવણીના પ્રશ્નો ઉકેલ સંતોષકારક કરતા નથી તેમજ દવાખાનાં, [illegible] વિગેરે ઉપર ખર્ચ આપણે જેટલા પ્રમાણમાં કર આપીએ તેટલા પ્રમાણમા કરવામાં આવતું નથી અને પ્રાંતમાંથી મોટી ઉપજ પૂરતો બદલો આપ્યાં [illegible] કાર લઇ જાય છે અને મોટા અમલદારો નિભાવવા અને બા[illegible] એ ખર્ચે છે. આના અનેક પુરાવા છે. તે જો લંબાણથી કહું તો [illegible]પણો વખત ઘણો જાય તેમ છે. ટુંકામાં હું એટલું જ કહું છું કે ગુજરાત પ્રાન્તને ઇલાકાથી છૂટો કરવામાં આવે અને સ્વતંત્ર રાજ્યમાં ફેરવી નાખવામાં આવે તો હાલ જે વહીવટ ઇલાકાની સરકાર કરે છે તેવો જ વહીવટ કરવાને માટે ફક્ત [illegible]દાવાદ જીલ્લાની ઉપજ પુરતી થઇ રહે. આપણા પાંચ જીલ્લામાંથી બાકીના ચાર જીલ્લાની ઉપજ ગમે તો કરવેરા ઓછા કરવામાં વપરાય કે પછી પ્રાંતની વધુ પ્રગતિ કરવામાં વપરાય. આપણે આપણો ગવર્નર અને જુદું સેક્રેટરીયટ નિભાવી શકીએ તેમ છીએ. મને સમજ પડતી નથી કે જ્યારે પ્રમાણમાં ઓછી ઉપજવાળા સિંધ અને કર્ણાટક પોતે છૂટા પડવા માટે માગણી કરે છે, તો પછી આપણે કે જેમનો દાવો મજબૂત છે તેમણે આ માગણી કેમ ન કરવી અને હું આ સ્થળે એટલું જ કહું છું કે જો સિંધની માફક ગુજરાતને છૂટું પાડવામાં આવે તો યુરોપ કે અમેરિકાના કોઇપણ

રાજ્યની બરોબરી કરવા આપણે થોડા જ વખતમાં શક્તિમાન થઈશું, સ્થાનિક સંસ્થાઓ, ગ્રામ્યવિભાગ તેમજ શહેર વિભાગની ખીલવણી ઘણી સારી રીતે થઇ શકશે અને તેને પ્રતાપે લોકોની આબાદાની અને સુખાકારી વધશે. કોંગ્રેસે તો આ સિદ્ધાંત સ્વીકાર્યો પણ છે અને પો ાના વહીવટની મર્યાદા જે તે દેશની બોલાતી ભાષા ઉપર બાંધી છે. ફક્ત આ પ્રાંતે પોતે તે તરફ કંઈ ચળવળ કરી જણાતી નથી. જો સ્થાનિક સંસ્થાઓ આ વિષય ઉપાડી લે અને પ્રાંતિક પરિષદ આ ચળવળ પોતાને થયેલા અન્યાયોના જવાબ તરીકે ઉપાડી લે તો તેની અસર થયા વિના રહેશે નહિ. આ એકલોજ માર્ગ છે કે જેથી તમારી ભૂખ મટે, નહિ તો જ્યારે ...ાંતનું રાજ્ય સ્વરાજ્યમાં ફેરવાઇ જશે ત્યારે પણ તમો કાઉન્સીલોમાં લઘુમતીમાં હોવાથી ફાવી શકશો નહિ અને તમારૂં દુઃખ એનું એજ રહેશે.

આપણા અને સરકારી વેરાના ધોરણમાં ઘણો ફેર છે. સરકારનો વેરો કર આપવાની શક્તિના પ્રમાણમાં ઉઘરાવાય છે જ્યારે આપણો વેરો સેવા અને અપાતા લાભ ઉપર રચાયેલો છે, જો કે હિંદુસ્થાન દેશમાં આ ધોરણોનું જોઇએ તેવું પાલન કરવામાં આવતું નથી, તોપણ આપણા લક્ષ બહાર રહેવું ના જોઇએ કે આપણું કાર્ય સમાજની સેવા કરવાનું છે, લોકની પાસેથી ઉઘરાવેલા પૈસાનો ઉપયોગ લોકને લાભ થાય તે તરફ કરવાનો છે અને જો આપણે લોકની પાસેથી એક રૂપિયો લઇ તેમને એ રૂપિયા કમાવાની સ્થિતિમાં ના મૂકીએ અગર તો એ રૂપિયાનો ફાયદો કરી ના આપીએ તો એટલા પુરતી આપણી ઉણપ કહેવાય. આ દૃષ્ટિએ આપણે આપણી જાતને તપાસીશું તો સહેજે મા... કે આપણે હાલ કરતાં વધારે અને સારી સેવા આપી શકીએ તેમ છીએ. પરંતુ બંધારણ, કાયદા, વિગેરેની ઘટના એવી છે કે તેમ કરવાને આપણે શક્તિમાન થયા નથી. વળી અંદર અંદર શંકાની નજર, પાર્ટિ સ્પીરીટ વિગેરે ન ઇચ્છવાજોગ બાબતો વચ્ચે આવે છે. મારા નમ્ર અભિપ્રાય પ્રમાણે ઇલાકાની સરકાર અને સ્થાનિક સંસ્થાઓ પોતે હળીમળી કેટલાંક કામો કરે તો મોટો બચાવ થાય તેમ છે; જેવાં કે જીલ્લા બોર્ડો, ઈજનેર-ઓવરસીયરો વિગેરે રોકે છે તેમ સરકાર પણ રોકે છે તો આવાં કાર્યો જીલ્લા બોર્ડને સુપ્રત કરવામાં આવે અને આથી સરકારને થતો બચાવ બોર્ડોની ગ્રાન્ટ વધારવામાં વાપરે તો પછી સરકારને મોટા ખર્ચે ઇજનેરખાતું નભાવવું ના પડે. ફક્ત નવાં કામના પ્લાન એસ્ટીમેટ વિગેરે કરવાનુંજ સરકારને શિર રહે, આવી રીતે શહેરોની મ્યુનિસિપાલિટીના હેલ્થ ઓફીસરો જીલ્લાના હેલ્થ એડવાઈઝર તરીકે કામ કરી શકે તો સરકાર તરફથી

નિમાના હેલ્થ ઓફીસરોની જરૂર રહે નહિ. આજ પ્રમાણે ઘણા થોડા બજેટ ઉપર દરેક તાલુકામાં એક સ્વતંત્ર ઓવરસીયર રાખવો પડે છે, અને તેના પગારનું ખર્ચ પણ પ્રમાણમાં વધારે આવે છે તો તે બાબતમાં પણ બચાવ તાલુકા અને જીલ્લા બોર્ડો મળીને કરી શકે તેમ છે. પણ ઉપર કહ્યું તેમ અંદર અંદર વહેમ-શંકા એટલાં છે કે એકદમ આવું કાર્ય સાધી શકાય તેમ નથી.

વળી આપણી પ્રાંતિક સ્થાનિક સ્વરાજ્યની સર્વિસનું એક કેડર હોય તો આપણું કામ વધારે કરકસરથી અને સારી રીતે ચાલે તેમ છે. અને નોકરોને પોતાના કાર્યમાં ઉમંગ રહે એ સ્વાભાવિક છે. ઓછા પગારોમાં કરકસર થઈ શકે અને વિશ્વાસુ તથા લાયક અમલદારો થોડે પગારે કામ કરે. આ બધું કાર્ય સાધવામાં પરસ્પર વિશ્વાસની ખાસ જરૂર છે.

અત્યારે તો સ્થિતિ એવી છે કે પ્રધાનો autocrat થવા માગે છે. અને લોકલ ગવર્મેન્ટ બોર્ડ સ્થાપવાની જરૂર જોતી નથી તેમ પોતાનાં ખાતાં સ્થાનિક સંસ્થાઓને સુપ્રત કરવા માગતી નથી અને સ્થાનિક સંસ્થાઓને એક અલગ અને વિરોધી સંસ્થાઓ ગણે છે. અને કલેકટરો, કમિશનરો જાણે કે પોતે ઉપરી હોય અને સંસ્થાઓના શેઠ હોય તેવું વર્તન બતાવે છે અને પોતાના હાથમાં અપાયેલી મેમ્બરો નીમવાની સત્તાનો કેવળ ગેરઉપયોગ કરે છે; જેમકે બહુમતિને એકી કલમે લઘુમતિમાં ફેરવી નાખી શકે છે, અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાને એક ફારસરૂપે મુરઘાં લઢાવવાના સ્થાનમાં ફેરવી નાખી શકે છે અને સરકારની કરેલી સેવાના બદલામાં સ્થાનિક સંસ્થામાં નિમણુંક કરી કોઇપણ માણસને સંસ્થાના [illegible] તરીકે મૂકી શકે છે અને જ્યારે આવાં કામોનાં પરિણામે કોઇપણ સંસ્થાનો કારભાર બરોબર ચાલતો નથી તો સરકાર બહુ ડહાપણ બતાવી હિંદુસ્થાનનાં લોકોની સ્વરાજ્ય ભોગવવાની બીનલાયકાત સીધી રીતે નહિ તો આડકતરી રીતે જાહેર કરે છે.

આટલી અગવડો છતાં આપણા વિરોધીઓએ એટલું તો કબૂલ કરવું પડશે કે આ દેશની સ્થાનિક સંસ્થાઓએ દેશની ઓછી સેવાઓ કરી નથી. જે સ્થિતિમાં બીજા દેશની સંસ્થાઓ એક ઘડીભર કામના કરે તે સ્થિતિમાં એમણે પોતાથી બનતું કર્યું છે અને કર્યે જાય છે.

મનુષ્ય માત્ર દોષવાન હોય છે તેમ આપણે પણ હોઇશું અને આપણી જે કંઇ ખામીઓ હોય તે દૂર કરવા પ્રયત્ન કરવો અને પરમ દયાળુ પરમાત્મા પાસે એટલી જ પ્રાર્થના કરવી કે પોતે આ શુભ કાર્યમાં મદદ આપે અને સારાં લોકોપયોગી કાર્યમાં આપણું મન પ્રેરે.
